## યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ



ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો. સ્વામિ વિવેકાનંદે કરેલ આ સિંહનાદથી નિદ્રાધીન ભારત કુંભકર્ણની નિદ્રામાંથી જાગ્યું અને સ્વાધીનતા પ્રાપ્ત કરી. સ્વામીજીની વાણીમાં આવી અજેય શક્તિ રહેલી છે.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં વાદ, વ્યક્તિવાદ અને શોષણ તેની ચરમસીમા પર હતા. ધર્મ અને અધ્યાત્મનો જાણે હ્રાસ થઈ રહ્યો હતો. ભારતના રાષ્ટ્રીય જીવનમાં આત્મશ્રધ્ધા અને નૈતિક મૂલ્યોની ઊણપ વર્તાતી હતી. પરંતુ આ અમર ભૂમિનો પડકારોનો સામનો કરવાનો પોતાનો અલગ જ અંદાજ રહ્યો છે. ભારતના આ કાલખંડમાં શ્રી રામકૃષ્ણ પરમહંસ અને તેમના મહાન શિષ્ય સ્વામિ વિવેકાનંદ અવતરિત થયા.

કવિવર રવિન્દ્રનાથ ટાગોરે ફ્રેન્ચ મનીષી શ્રી રોમાં રોલાંને કહ્યું હતું, 'તમે જો ભારતને જાણવા માગતા હો તો સ્વામિ વિવેકાનંદનું અધ્યયન કરો. તેમનામાં બધું સકારાત્મક છે, નકારાત્મક કશું જ નથી.' સ્વામીજીમાં પ્રાચીન અને અર્વાચીન, પૂર્વ અને પશ્ચિમ, આદર્શ અને વ્યવહાર, રાષ્ટ્રીયતા અને આંતરરાષ્ટ્રીયતા તેમજ વિજ્ઞાન અને અધ્યાત્મનો સુભગ સમન્વય દેખાય છે. સ્વામી વિવેકાનંદનું બાળપણનું નામ નરેન્દ્રનાથ દત્ત હતું. તેમનો જન્મ બારમી જાન્યુઆરી અઢારસો ત્રેસઠના દિવસે કલક્તામાં વિશ્વનાથ દત્ત અને ભુવનેશ્વરી દેવીને ઘેર થયો હતો. દત્ત પરિવાર સંપન્ન અને પ્રતિષ્ઠિત હતો. વિશ્વનાથ દત્ત કલકત્તા હાઇકૉર્ટના ઍટર્ની હતા. તેઓ કુટુંબ માટે જરૂરી ધન રાખી બાકી સઘળું દાન કરી દેતા હતા. ગરીબો પ્રત્યે સહાનુભૂતિ રાખવાની સાથે સાથે તેઓ ધાર્મિક હતા. મા ભુવનેશ્વરી દેવી અત્યંત પવિત્ર અને ધાર્મિક નારી હતાં. નરેન્દ્રનાથ નાનપણમાં ખૂબ તોફાની હતા. તેમનાં તોફાન જ્યારે ખૂબ વધી જાય ત્યારે ભુવનેશ્વરી તેમને ઠંડા પાણીના નળ નીચે મૂકી દેતાં. અને કાનમાં શિવમંત્ર બોલતાં. આથી નરેન્દ્ર શાંત થઈ જતાં. નરેન્દ્ર બાળપણથી ધ્યાનની રમત મિત્રો સાથે રમતા. એક વખત બાળમિત્રો સાતે ધ્યાનમાં બેઠા હતા ત્યારે અચાક એક સાપ આવ્યો. સાપને આવતો જોઈ બધા બાળમિત્રો નાસી ગયા પરંતુ શિવની જેમ ધ્યાનમગ્ન નરેન્દ્ર ધ્યાનમાં બેસી રહ્યા. સાપ ચાલ્યો ગયા પછી બાળમિત્રોએ આવીને તેમને ધ્યાનમાંથી ઊઠાડ્યા ત્યારે તેમને ખબર પડી કે સાપ આવ્યો હતો. આમ, નરેન્દ્ર બાળપણથી ધ્યાનસિધ્ધ હતા. સ્વામીજીનાં માતા ભુવનેશ્વરી તેમને રામાયણ અને મહાભારતની વાર્તાઓ કહેતાં, જેની અમીટ છાપ તેમના પર પડી હતી. ઉત્સાહ, ગરીબો પ્રત્યે દયા, સંતો પ્રત્યે આકર્ષણ જેવી વિશેષતાઓ બાળપણથી જ તેમનામાં હતી. તેઓ દરેક સમસ્યાનો સંતોષજનક હલ શોધવા મથતા.

નરેન્દ્ર એક મેધાવી, તેજસ્વી અને અદ્‌ભૂત યાદશક્તિ ધરાવતા. આ ઉપરાંત તે કુસ્તી, ઘોડેસવારી, તરણ અને રમતગમતમાં પણ કુશળ હતા. તેઓ એક સારા શાસ્ત્રીય ગાયક અને વાદક પણ હતા.

**ગુરુશ્રી રામકૃષ્ણના ચરણે**

પ્રૅસિડન્સી કૉલેજ, કલક્તામાં તત્ત્વજ્ઞાનના વિષય સાથે અભ્યાસ કરતી વખતે ઘટેલ એક ઘટના સ્મરણીય છે. વર્ગમાં અધ્યાપકની ગૅરહાજરીમાં કૉલેજના આચાર્ય પ્રૉ. વિલિયમ હૅસ્ટી પિરીયડ લેવા આવે છે. વિશ્વકવિ વડ્‌ર્સવર્થના કાવ્ય 'ઍક્ષકર્ઝન'માં સમાધિ અવસ્થાનું વર્ણન આવે છે. પ્રૉ. હૅસ્ટી કહે છે કે કલકત્તાના દક્ષિણેશ્વર કાલીમંદિરમાં શ્રી રામકૃષ્ણ પરમહંસ રહે છે. આ સંત સમાધિમાં જ મોટાભાગનો સમય વિતાવે છે અને ઈશ્વર સાથે વાત પણ કરે છે. નરેન્દ્રએ આ સાંભળ્યું. તેઓ ઈશ્વરની શોધમાં હતા અને અત્યાર સુધીમાં આધ્યાત્મિક સાધકો જેવા કે દેવેન્દ્રનાથ ઠાકુર, કેશવચંદ્ર સેન વગેરેને તેઓ મળી ચૂક્યા હતા. પરંતુ, ઈશ્વરનાં દર્શન આમાંના કોઈએ કર્યાં હોય તેવી પ્રતીતિ તેમને થઈ ન હતી. નવેમ્બર, ૧૮૮૧ના એક દિવસે યુવાન નરેન્દ્ર શ્રી રામકૃષ્ણ પરમહંસને મળવા દક્ષિણેશ્વર કાલીમંદિર પહોંચે છે. રામકૃષ્ણ દેવ પાસે જઈને પ્રશ્ન પૂછે છે, 'મહાશય, શું આપે ઈશ્વરને જોયો છે ?' શ્રી રામકૃષ્ણએ જવાબ આપ્યો, 'હા બેટા, મેં ઈશ્વરને જોયો છે. એટલું જ નહિ, હું તને જોઉં છું તેનતા કરતાં પણ વધુ સ્પષ્ટ રીતે ઈશ્વરને જોઉં છું. એટલું જ નહિ, તું ઇચ્છે તો તને પણ તેનાં દર્શન કરાવી શકું છું. પરંતુ, આના માટે તારે આધ્યાત્મિક સાધના કરવી પડશે.' આમ, મહાન શિષ્ય ભાવિ વિવેકાનંદનો પરિચય ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસ સાથે થયો. (અપૂર્ણ)



ભક્તિધામ, સૅક્ટર-૫ સી ખાતે ચાલી રહેલી કથા દિન-પ્રતિદિન રસપ્રદ બનતી જાય છે. મૉકળાશભરી જગ્યા, સુંદર વ્યવસ્થા અને વક્તા દેવેન્દ્રભાઈ ત્રિવેદીની ભાવવાહી શૈલી વધુ ને વધુ ભાવિકોને કથાસ્થળે ખેંચી લાવવામાં સફળ બની રહી છે. સોમવારે કથા અંતર્ગત કપિલમુનિ પ્રાગટ્ય અને નરસિંહ ભગવાન પ્રાગટ્યના માધ્યમથી ભાવિકોને ભાવવિભોર બનાવી દેવામાં આવ્યા હતા. એમાંય બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી, ગાંધીનગર દ્વારા નરસિંહ ભગવાન પ્રાગટ્ય ટાણે અદ્દલોઅદ્દલ ભક્ત પ્રહલાદ, હિરણ્યકશ્યપ અને નરસિંહ ભગવાનના સ્વરૂપમાં કલાકારોને તાદ્રશ કરીને અદ્‌ભૂત દ્રશ્યનું સર્જન કરાયું હતું. લોકોએ અનહદ અહોભાવની નજરે આ દ્રશ્ય નિહાળ્યું હતું અને નરસિંહને ભાવપૂર્વક પ્રણામ પણ કર્યા હતા. (તસવીર : કમલેશ શાહ)

# નૉન ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ શાળા તરીકે મંજુરી આપવા નવી નીતિ ઘડવા સરકારની વિચારણા

ગાંધીનગર, તા. ૯

રાજ્યમાં આવેલી નોન ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ શાળા તરીકે મંજુરી આપવા માટેની નવી નીતિ ઘડવાની દિશામાં રાજ્ય સરકારે સક્રિય વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ પૈકી અંદાજે ૩૦૦ જેટલી શાળાઓ નોનગ્રાન્ટેડ આવેલી છે. આ શાળાઓને ગ્રાન્ટેડ શાળા તરીકે મંજુરી આપવા માટેની નીતિ રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી છે.

આ નીતિ અનુસાર હાલમાં રાજ્યમાં વસ્તી અને વિસ્તારને ધ્યાનમાં રાખીને શાળાઓને ગ્રાન્ટેડ શાળા તરીકે મંજુરી આપવા માટેની નીતિ અમલી છે. જેના કારણે નોન ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ શાળા તરીકે મંજુરી મેળવવામાં અનેક મુશ્કેલીઓ ઉભી થવા પામી છે.

આ અંગે શાળા સંચાલકો દ્વારા રાજ્ય સરકારને વ્યાપક પ્રમાણમાં રજુઆતો મળવા પામી હતી. આ રજુઆતોને પગલે ગ્રાન્ટેડ શાળાઓ માટેની વર્તમાન નીતિમાં આમુલ પરિવર્તન કરવાની દિશામાં સક્રિય વિચારણા હાથ ધરી છે. આ માટે નવી નીતિના ઘડતર માટે મંત્રીઓની એક પેટા સમિતિની રચના કરવામાં આવી છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત સપ્તાહે મંત્રીઓની પેટા સમિતિની એક બેઠક મળી હતી. આ બેઠકમાં નોન ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ શાળા તરીકે મંજુરી આપવા માટેની વર્તમાન નિતી અંગેની સમીક્ષા કરવામાં આવી હતી. આ નિતીમાં કઈ કઈ બાબતોમાં સુધારો કરવાની જરૂરીયાત છે એ અંગેનો અભ્યાસ પણ કરવામાં આવ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્તવિગતો મુજબ મંત્રીઓની પેટા સમિતિની બીજી બેઠક આ સપ્તાહના અંતમાં મળનારી છે. જેમાં વર્તમાન નિતી અંગેની સમીક્ષા કરીને નવી નિતી ઘડવી કે વર્તમાન નિતીમાં સુધારો કરવો એ અંગેનો આખરી નિર્ણય લઈને પોતાની ભલાણ સાથેનો એક અહેવાલ તૈયાર કરીને રાજ્ય સરકારને સુપરત કરવામાં આવશે અને ત્યાર બાદ આ અહેવાલ ઉપર રાજ્ય સરકાર સક્રિય વિચારણા કરીને નોન ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ શાળા તરીકે મંજુરી આપવા અંગેની નવી નિતી ઘડવા અંગેનો નિર્ણય કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## નવા કે પી વિદ્યાર્થી ભવનનો શિલાન્યાસ અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું લોકાર્પણ



ગાંધીનગર, તા.૯

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ જણાવ્યું હતું કે લોકપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ સ્વતંત્રતા સંગ્રામના મહાન સેનાની અને અખંડ ભારતના શિલ્પી હતા. તેમનું સમગ્ર જીવન આપણને સદાય પ્રેરણા અને નવી ઉર્જા પ્રદાન કરતું રહેશે. રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજી આજે અમદાવાદમાં નવા કે.પી. વિદ્યાર્થી ભવનના શિલાન્યાસ અને લૌહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કર્યા બાદ સંબોધન કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે કે.પી. ભવનના પ્રાંગણમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું નિર્માણ કરી તેમને સાચા અર્થમાં શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી છે. ૧૯૩૦માં સ્થપાયેલા આ સંસ્થા સાથે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની આઝાદીની લડતના યાદગાર પ્રંસગો જોડાયેલા છે. જે આ સંસ્થાના છાત્રો માટે ગૌરવની બાબત છે.

તેમણે જણાવ્યું હતું કે લગભગ રૂપિયા પાંચ કરોડના ખર્ચે તૈયાર થનાર આ છાત્રાલયમાં આધુનિક સુવિધાઓ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થશે અને તેમના અધ્યયન કાર્યમાં ખૂબ જ ઉપયોગી નિવડશે.

શિક્ષણના ઉમદા કાર્ય માટે સમાજના અગ્રણીઓએ દાનની સરવાણી વહેતી કરી છે. જે ખરેખર પ્રેરણાદાયી છે. ખાસ કરીને આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ નવા ભવનના નિર્માણ કરવામાં આગળ આવ્યા છે જે એક અનોખી બાબત છે, એમ રાજયપાલશ્રીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે રાજયપાલશ્રીએ સમાજના અગ્રણીઓ દ્વારા દાન કરવામાં આવ્યું છે તેમનું સન્માન કર્યું હતું. દાન દાતા શ્રી બાબુભાઈ પટેલે પ્રાંસગિક પ્રવચન કર્યું હતું.

પ્રારંભમાં સંસ્થાના પ્રમુખ શ્રી શંકરલાલ ગુરૂએ કે.પી. વિદ્યાર્થી ભવન દ્વારા હાથ ધરવામાં આવેલ શૈક્ષણિક પ્રવૃત્તિઓની રૂપરેખા આપી હતી. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી વિષ્ણુપ્રસાદ પટેલે આભારવિધિ કરી હતી.સમારંભમાં સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## ચરાડા ખાતે વૉલીબોલ રમતના વિશિષ્ટ તાલીમ કૅન્દ્રનો પ્રારંભ

### રમતનાં સાધનોની કીટ અને ગણવેશ ખેલાડીઓને અપાશે

ગાંધીનગર, તા.૯

રમતગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લાના ચરાડા ખાતે કે.જી. અને આર.જે. ચૌધરી ઉચ્ચત્તર માધ્યમિક શાળા સાથે એમ.ઓ.યુ. કરી વોલીબોલ રમતનું બિન નિવાસી કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. જેમાં છેલ્લા પાંચ વર્ષમાં રાષ્ટ્રીયકક્ષાએ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેવા ખેલાડીઓને નિષ્ણાત કોચ દ્વારા તાલીમ આપવામાં આવે છે. વોલીબોલ રમતના બિન નિવાસી કેન્દ્રમાં ૧૫ ભાઈઓ અને ૧૦ બહેનોની પસંદગી કરવામાં આવી છે તથા એસ.એ.જી.ના કોચ કુરેશ મહોમદ એઝાઝ દ્વારા સવારે અને સાંજે સઘન તાલીમ આપવામાં આવે છે. ખેલાડીઓને તાલીમ માટે એક લાખના વોલીબોલ રમતના સાધનો આપવામાં આવ્યા છે તથા વીમા કવચ પણ પુરું પાડવામાં આવશે. આ ઉપરાંત રૂ. ૩૦૦૦ સુધીની રમતના સાધનોની કીટ અને ગણવેશ દરેક ખેલાડીને પૂરો પાડવામાં આવશે એમ ખાસ જણાવાયું છે.

## આવતીકાલનો ઉજાસ



બિપિન હર્ષદભાઈ મકવાણા
ધોરણ-૯
આદર્શ નિવાસી શાળા

બિપિન ભણવાની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહે છે. શાળાની વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓ દરમ્યાન વિવિધ નાટકોનું સફળ સંચાલન કરવાની વ્યક્તિગત આવડત ધરાવે છે. આ સાથે જ અક્ષર લેખન અને નિબંધ સ્પર્ધામાં અવ્વલ રહે છે.



મનોજ લાલભાઈ વસાવા
ધોરણ-૧૨ કૉમર્સ
પ્રેરણા વિદ્યાલય

શાળામાં સારી શૈક્ષણિક કારકિર્દી ધરાવતો મનોજ ભણતરની સાથે સાથે નૉકરી કરીને કુટુંબને મદદરૂપ બની રહ્યો છે. જીઍસ તરીકે શાળા અને વિદ્યાર્થીગણમાં એક સેતુનું કાર્ય તે કરે છે. વિવિધ ઈતર પ્રવૃત્તિઓમાં પણ તે અગ્રેસર રહે છે.

પર્યાવરણ દિવસ નિમિત્તે સુઘડ ગામ ખાતે અકસ્માતે શાળાના બે વિદ્યાર્થીઓ તળાવમાં પડી જતાં મનોજે પોતાના જીવનો સ્હેજ પણ વિચાર કર્યા વગર તેમને ડૂબતા બચાવ્યા હતા.

# સાહિત્યગોષ્ઠિ, કાવ્યાયન અને શાસ્ત્રીય સંગીત-નૃત્ય મહોત્સવ

શ્રી હનુમાનજી મહારાજની જન્મજયંતિ નિમિત્તે છેલ્લાં ૧૪ વર્ષોથી નિયમિત રીતે યોજાતું અસ્મિતા પર્વ આ વખતે પણ તા. ૩થી ૬ એપ્રિલ, ૨૦૧૨ દરમ્યાન યોજાઈ ગયું. માલણ નદીના તટે કૈલાસ ગુરુકુળમાં આમ્રકુંજ અને નાળિયેરીની શીતળ વનરાજી વચ્ચે નૈસર્ગિક વાતાવરણમાં પૂજ્ય મોરારિબાપુ પ્રેરિત 'સાહિત્યગોષ્ઠિ, કાવ્યાયન અને શાસ્ત્રીય સંગીત નૃત્ય મહોત્સવ' અર્થાત્ અસ્મિતા પર્વનો શુભારંભ દીપ પ્રાગટ્યથી થયો. બેઠકના પ્રારંભે શ્રી હરિશ્ચંદ્ર જોશીએ દિવંગત સાહિત્યકારો, કવિઓ, ગાયકો, સંગીતકારો અને સર્જકોને યાદ કર્યા. સભાએ મૌનાંજલિ આપી. પ્રથમ વક્તા હતા શ્રી સામ પિત્રોડા. એમનું નામ અને કામ ભારતનો દરેક નાગરિક જાણે છે. ગુજરાતના હોવાના નાતે ગુજરાતીને તેનું ગૌરવ છે. દેશના વિકાસ માટે કર્મ અને ધર્મના યથાયોગ્ય સંગમનું મહત્ત્વ સમજાવતાં તેમણે ગાંધી આજના યુગમાં પણ પ્રસ્તુત હોવાનું ભારપૂર્વક જણાવ્યું. તેમના અત્યંત તર્કસંગત પ્રવચને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા.

સાહિત્યસંગોષ્ઠિ-૧



પ્રથમ વક્તા હતા શ્રી ચિનુ મોદી અને વિષય હતો જલન માતરીની કવિતા. શ્રી મોદીએ જણાવ્યું કે જલન માતરીની ગઝલમાં અખાના છપ્પા અને ભોજા ભગતના ચાબખા બંનેની પ્રતીતિ છે. જલન માતરીના ગઝલ સંગ્રહ 'તપીસ'ના લોકાર્પણ બાદ શ્રી જલન માતરીએ લાક્ષણિક ઢબે પોતાની ગઝલોના વરસાદમાં ભાવકોને તરબોળ કરી દીધા હતા. બીજા વક્તા હતા શ્રી સંજુ વાળા અને વિષય હતો દલપત પઢિયારની કવિતા. શ્રી વાળાએ દલપત પઢિયારની કવિતા ઉપર પ્રકાશ પાડ્યો તો શ્રી દલપત પઢિયારે પોતાને મનપસંદ કેટલીક કવિતાઓનું રસપાન કરાવ્યું અને ભાવકોના આગ્રહને વશ થઈ ભીના સ્વરે ગાન પણ કર્યું. આ બેઠકનું સંચાલન શ્રી વિનોદ જોશીએ પોતાની આગવી છટા દ્વારા સુપેરે નિભાવ્યું.

સાહિત્ય સંગોષ્ઠિ-૨ (સાહિત્ય અને લોકપ્રિયતા)ના પ્રથમ વક્તા હતા ડૉ. શરદ ઠાકર અને વિષય હતો સામાજિક નિસબત અને લોકપ્રિય સાહિત્ય. 'ડૉક્ટરની ડાયરી' અને 'રણમાં ખીલ્યું ગુલાબ' જેવી લોકપ્રિય કટારના લેખક ડૉ. ઠાકરે પોતાની ભાવસભર શૈલીથી સાહિત્યની લોકપ્રિયતાનાં પરિણામો સભા સમક્ષ સજળ નયને મૂકીને શ્રોતાઓની આંખો અને હૃદયને ભીંજવી દીધાં. બીજા વક્તા હતા શ્રી જય વસાવડા, વિષય હતો યુવાચેતના અને લોકપ્રિય સાહિત્ય. જય વસાવડાની ચોટદાર કલમના સાક્ષીઓએ તેમની ચોટદાર વાક્‌શૈલીનો પણ આસ્વાદ માણ્યો. સમાજે અને ખાસ કરીને સાહિત્ય ક્ષેત્રે યુવાન અને યુવાનીને સમજી-જાણી લેવાની આવશ્યકતા વિષે સમજાવ્યું. ત્રીજા વક્તા હતાં કાજલ વૈદ્ય ઓઝા. વિષય હતો નારીસંવેદના અને લોકપ્રિય સાહિત્ય. અત્યંત ભાવવાહી શૈલીમાં તેમણે સ્ત્રીના મનની વાતો કરી. સાહિત્યની લોકપ્રિયતા નારીના સંવેદનો સથે કેવી રીતે વણાઈ ગઈ છે તેની વિસ્તૃતિ વર્ણવી. હૃદયસ્પર્શી વક્તવ્ય સાંભળવા સમય પણ થંભી ગયો. શ્રી મનોજ શુક્લએ વક્તાના વિષયોને ઉઘાડ આપવા સાથે તેમનો પરિચય આપી આ બેઠકનું સંચાલન સફળ રીતે કર્યું હતું.


સંગીત નૃત્ય મહોત્સવ અંતર્ગત તલગાજરડા સ્થિત ચિત્રકૂટ ધામ ખાતે રાત્રે ૮-૩૦ વાગે પ્રખ્યાત વાયોલિન વાદક સુશ્રી ઍન રાજમ અને તેમની દોહિત્રી સુશ્રી રાગીની શંકરે વાયોલિન વાદથી શ્રોતાઓનાં મન મોહી લીધાં.

બીજા દિવસે આયોજિત સાહિત્યસંગોષ્ઠિ-૩ (લોકસાહિત્યના ધૂળધોયા)ના પ્રથમ વક્તા હતા શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી અને વિષય હતો ઝવેરચંદ મેઘાણી. અભિનયસમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીએ શ્રી ઝવેરચંદ મેઘાણી વિશે બોલતાં તેમની જુસ્સાસભર વાણીથી સાબિત કરી આપ્યું કે શ્રી મેઘાણીએ માત્ર ધૂળધોયાનું જ કામ નથી કર્યુ પણ એકત્રિત કરેલ સુવર્ણ રજમાંથી અલંકારો બનાવીને લોકસાહિત્યને પહેરાવ્યાં છે. તેમણે વધુમાં કહ્યું કે સાચા ધૂળધોયાને ધૂળની ઍલર્જી ન હોવી ઘટે.

બીજા વક્તા હતા શ્રી કમલ મહેતા અને વિષય હતો દુલેરાય કારાણી. શ્રી કારાણી વિષે બોલતાં તેમણે કહ્યું કે શ્રી દુલેરાય કારાણીના લેખનમાં કચ્છ ભારોભાર વ્યક્ત થયું છે. કચ્છના સંતો, તેમની વાણી, કચ્છી પ્રકૃતિ, કચ્છી કોમો ઉપર શ્રી કારાણીએ મોટું ખેડાણ કર્યું છે.

ત્રીજા વક્તા હતા શ્રી વસંત ગઢવી અને વિષય હતો જયમલ્લ પરમાર. શ્રી ગઢવીએ શ્રી જયમલ્લ વિષે બોલતાં જણાવ્યું કે જયમલ્લ પરમાર જન્મશતાબ્દિ વર્ષમાં તેમને યાદ કરવાનો ઉપક્રમ અસ્મિતા પર્વમાં થયો તે આનંદની વાત છે. જયમલ્લ પરમારના લોકસાહિત્ય ઉપર વિસ્તૃત પ્રકાશ પાડીને પોતાની અભ્યાસપૂર્ણ માહિતીથી શ્રી ગઢવીએ શ્રોતાઓને માહિતગાર કર્યા. આ બેઠકનું સંચાલન ગુજરાત સાહિત્ય અકાદમીના પૂર્વ મહામાત્ર શ્રી હસુ યાજ્ઞિકે વિદ્વતાપૂર્વક કર્યું હતું.

સાહિત્યસંગોષ્ઠિ-૪ (સર્જકનું જનપદ)ના પ્રથમ વક્તા હતા શ્રી



ભરત મહેતા અને વિષય હતો કાનજી પટેલ. તેમણે કાનજી પટેલ અને તેમની વાર્તાઓ તથા કવિતાઓ વિશે બોલતાં રાજ્ય અને રાષ્ટ્રના નેતાઓને પણ યથાઘટિત યાદ કરીને ચાબખાં મારી લીધા. બીજા વક્તા હતા શ્રી કાનજી પટેલ અને વિષય હતો રઘુવીર ચૌધરી. તેમણે શ્રી રઘુવીરભાઈના સર્જનકાર્ય વિશે માહિતી આપી. ત્રીજા વક્તા હતા શ્રી રઘુવીર ચૌધરી અને વિષય હતો શ્રી પન્નાલાલ પટેલ. શ્રી ચૌધરીએ પન્નાલાલના સર્જન વિષે ઝીણામાં ઝીણી વાતો યાદ કરી ભાવકોને પન્નાલાલની હાજરીનો અહેસાસ કરાવી દીધો હતો.

રાત્રે સંગીત નૃત્ય મહોત્સવ અંતર્ગત ૮-૩૦ વાગે રામવાડી, તલગાજરડા ખાતે માનવસાધના દ્વારા પાંચ મિનિટની ડૉક્યુમેન્ટરી પ્રદર્શિત કરવામાં આવી. માનવસાધના શિષ્યવૃંદે 'એકત્વ' નૃત્યનાટિકાની પ્રસ્તુતિ કરી. આ ઉપરાંત દર્પણ ઍકેડેમી દ્વારા ભરતનાટ્યમની પ્રસ્તુતિ અને પ્રસિદ્ધ ફિલ્મ અભિનેત્રી હેમા માલિનીની બે સુપુત્રીઓ - એષા અને આહના દ્વારા કુચીપુડી નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી.

ત્રીજા દિવસે આયોજિત સાહિત્યસંગોષ્ઠિ-૫ (કાવ્ય-મીમાંસા)ના પ્રથમ વક્તા હતા શ્રી વિનોદ અધ્વર્યુ અને વિષય હતો કવિતા અને વક્રોક્તિ. શ્રી અધ્વર્યુએ જણાવ્યું કે ઉક્તિ વક્ર બને ત્યારે જ તે કાવ્ય બને છે. તેમણે વિવિધ સર્જકોની વક્રોક્તિનાં ઉદાહરણો આપીને પોતાના વક્તવ્યને અધિક તર્કસંગત બનાવ્યું હતું. બીજા વક્તા હતા શ્રી રમેશ શુક્લ અને વિષય હતો કવિતા અને ધ્વનિ. તેમણે પોતાના વક્તવ્યમાં કવિતામાં ધ્વનિનું મહત્ત્વ સમજાવતાં અભ્યાસપૂર્ણ વક્તવ્યથી શ્રોતાઓને બાંધી રાખ્યા હતા. ત્રીજા વક્તા હતા શ્રી વિનોદ જોશી, વિષય હતો કવિતા અને રસ. તેમણે સ્પષ્ટ છતાં સરળ અને સુપાચય વક્તવ્યમાં કવિતાના રસના વિષયે વિવિધ દ્રષ્ટાંતો આપ્યા. સાથોસાથ કવિતાના રસની અખિલાઈના અનુભવની વાત કરતાં રસના પૃથ્થકરણની આવશ્યકતાનો છેદ પણ ઉડાડી દીધો. આ બેઠકનું સંચાલન સંસ્કૃતના વિદ્વાન શ્રી વિજય પંડ્યાએ તેમની વિદ્વત શૈલીમાં કર્યું હતું.

સાહિત્યસંગોષ્ઠિ-૬ (કાવ્યાયન)ની બેઠકમાં સાત કવિઓનું શબ્દમેઘધનુષ્ય રચાયું હતું. કાવ્ય પઠનની આ સંધ્યામાં અનુક્રમે મીરાં આસિફ, ધ્વનિલ પારેખ, પ્રશાંત કેદાર જાદવ, મદનકુમાર અંજારિયા, હરીશ વટાવવાળા, પ્રદીપ રાવળ 'સુમિરન'



અને હરકિસન જોશીએ પોતાની ચાર ચાર કૃતિઓ રજૂ કરી હતી. આ બેઠકનું સંચાલન કવિ પ્રદીપ રાવળ 'સુમિરન' દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાવ્યયાત્રાને પૂજ્ય શ્રી મોરારિબાપુ અને શ્રોતાઓએ દાદ આપી હતી. કાવ્યાયનના છેલ્લા શાયર શ્રી હરકિશન જોશીની તમામ રચના ચોટદાર હોવાનું શ્રોતાઓના ચહેરા પરથી વાંચી શકાયું હતું.

સંગીત-નૃત્ય મહોત્સવ અંતર્ગત રાત્રે ૮-૩૦ વાગે ચિત્રકૂટ ધામ, તલગાજરડા ખાતે પંડિત રાજન-સાજન મિશ્રાએ શાસ્ત્રીય કંઠ્ય સંગીત પિરસ્યું હતું અને તેમને સંગત પ્રખ્યાત તબલાંવાદક પંડિત અનિન્દો ચેટરજીએ આપી હતી.

સમગ્ર અસ્મિતા પર્વનું સંચાલન શ્રી હરિશ્ચંદ્ર જોશીએ કર્યું હતું. કાવ્યાયન સત્રના પ્રારંભે કવિ શ્રી કિસન સોસાએ ગત અસ્મિતા પર્વ વિશેની કવિતાનું પઠન કર્યું હતું અને અંતે શ્રી રમેશ પારેખની ગઝલનું ગાન પ્રસ્તુત કરીને અસ્મિતા પર્વ-૧૫ સંપન્ન થયાની જાહેરાત કરી હતી.

અસ્મિતા પર્વને ૧૫ વર્ષ થયાં પણ છેલ્લાં ૩૫ વર્ષથી ચાલી આવતી પરંપરા મુજબ ભારતીય શાસ્ત્રીય સંગીતની આજીવન સેવાના ઉપલક્ષ્યમાં અપાતા હનુમંત ઍવોર્ડ તથા અભિનય ક્ષેત્રે આજીવન સેવાના ઉપલક્ષ્યમાં અપાતા નટરાજ ઍવોર્ડની અર્પણવિધિ હનુમાન જયંતિના પાવન દિવસે ચિત્રકૂટ ધામ ખાતે સંપન્ન થઈ, જેમાં સારંગીવાદન માટે ઉસ્તાદ સુલતાનખાંને, તબલાંવાદન માટે



પંડિત અનિન્દો ચેટર્જીને, ભરતનાટ્યમ અને કથકલી માટે સુશ્રી મૃણાલિની સારાભાઈને તથા શાસ્ત્રીય કંઠ્યસંગીત માટે પંડિત રાજન-સાજન મિશ્રાને હનુમંત ઍવોર્ડ અર્પણ થયા હતા. ગુજરાતી લોકનાટ્ય ભવાઈ માટે શ્રી બાલકૃષ્ણ નિમ્બાર્ક, ભારતીય ટૅલીવિઝન શ્રેણી માટે શ્રી વિનોદ નાગપાલ, ગુજરાતી રંગભૂમિ માટે શ્રી માર્કન્ડ ભટ્ટ અને ભારતીય ફિલ્મ માટે સુશ્રી વહિદા રહેમાનને નટરાજ ઍવોર્ડ અર્પણ થયા હતા.

અંતે પૂજ્ય મોરારિબાપુએ પ્રાસંગિક પ્રવચન આપતાં કહ્યું કે સાહિત્યના નવેય રસ હનુમાન-ચાલીસામાં જોવા મળી શકે છે. ઉપરાંત હનુમાનજી મહારાજમાં રહેલા સોળ રસને વિસ્તૃત સમજાવી અને સામ પિત્રોડાથી શરૂ થયેલું અસ્મિતા પર્વ-૧૫ હરકિશન જોશીના ગઝલપાઠથી પૂર્ણ થયું તે સફરને પોતાના આત્મસંતોષની સફર ગણાવી હતી.

ધર્મ અને સાહિત્યની આ જુગલબંધી જુગ-જુગ જીવો એ જ અભ્યર્થના!

- કિશોર જીકાદરા